# નેશનલ મિશન ઓન ઓઇલસીડ્સ એન્ડ ઓઇલ પામ પ્રોજેક્ટ અંતર્ગત કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે આયોજિત તાલીમ કાર્યક્રમ

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે કૃષિ મંત્રાલય અને ભારત સરકાર હસ્તક પ્રોજેક્ટ "નેશનલ મિશન ઓન ઓઇલસીડ્સ એન્ડ ઓઇલ પામ (NMOOP) અંતર્ગત તા: ૧૦-૦૮-૨૦૧૬ થી ૧૨-૦૮-૨૦૧૬ દરમ્યાન "તેલીબિયાઇ પાકોની ખેતી પદ્ધતિ" પર તાલીમ કાર્યક્રમ યોજાયો. જેમાં મહેમદાવાદ તાલુકાનાં અલગ અલગ ગામોમાંથી ૯૮ ખેડૂતો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મહેમદાવાદ તાલુકાના ગ્રામ સેવકોએ આમંત્રિત વ્યાખ્યાતાઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. ડૉ. બી. એન. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ આમંત્રિત વ્યાખ્યાતાઓ તથા પધારેલ ખેડૂત ભાઈઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તથા કેન્દ્ર ખાતે ચાલતી સંશોધન, બીજ ઉત્પાદન અને વિસ્તરણને લગતી પ્રવૃત્તિઓથી ખેડૂતોને અવગત કર્યા હતા. મહેમદાવાદ તાલુકાનાં તાલુકા પ્રમુખશ્રી રમેશભાઈ ચૌહાણે તાલીમાર્થીઓનું શાબ્દિક સ્વાગત તથા પ્રાસંગિક ઉદબોધન કરી કૃષિ ક્ષેત્રમાં તેલીબિયાઈ પાકોની આગવી મહત્તા વિશેની સમજણ આપી હતી. ડૉ. જે. કે. પટેલ સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ તેલીબિયાઈ પાકોમાં પાક સુધારણા અને પાક સંવર્ધન વિષય પર વિસ્તૃત ચર્ચા કરેલ.

પ્રો. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે "મહત્વના તેલીબિયાઈ પાકોમાં પાક સંરક્ષણ અને સંકલિત જીવાત વ્યવથાપન" વિષય પર વિસ્તૃત વ્યાખ્યાન આપેલ. તાલીમના અંતે પ્રો. એસ. એ. સિપાઈ એ પધારેલ ખેડૂતોને કેન્દ્ર તથા સીડ પ્રોડકશન ફાર્મની મુલાકાત કરાવી હતી તથા તાલીમ વિશેના તેમના અભિપ્રાયો લીધેલ.

કાર્યક્રમના અંતે શ્રી. વલ્લભભાઇ, ગ્રામ સેવક (મહેમદાવાદ) એ આભારવિધી કરી હતી.




